**GUJARAT STATE LEGAL SERVICES AUTHORITY**
3rd Floor, Near Gujarat High Court Post Office,
Gujarat High Court Campus, Sola, Ahmedabad-380 060.
Tele-Fax: 079-27664964, 27665296; E-mail : msguj.lsa@nic.in

# :: જાહેરાત ::

**નં.જી.એસ.એલ.એસ.એ./ ૫૫૫ /૨૦૨૬**

આથી ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, સોલા, અમદાવાદના તાબા હેઠળ કાર્યરત મફત અને સક્ષમ કાનૂની સલાહ તેમજ સહાય કેન્દ્ર, શાહીબાગ, ડફનાળા, અમદાવાદ અને કાનૂની સહાય કેન્દ્ર, સિટી સિવિલ કોર્ટ કેમ્પસ, અમદાવાદ ખાતે પેઈડ કન્સલટન્ટ અને ઓનરરી(અનપેઈડ)કન્સલટન્ટ તરીકે સેવા આપવા ઇચ્છુક યોગ્ય પાત્રતા ધરાવતા ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે જે માટેની જરૂરી સુચનાઓ અને શરતો નીચે મુજબ છે.

**પેઈડ / અનપેઈડ કન્સલટન્ટની જગ્યા માટે અરજી અંગે જરૂરી સુચનાઓ / શરતો**

૧. અરજદારોએ આ સાથે આપેલ લિન્કના માધ્યમથી જ ફક્ત ઓનલાઈન અરજી કરવાની રહેશે. રૂબરૂ /ટપાલ/કુરિયર/ ઈ-મેલ દ્વારા મળેલ અરજી ધ્યાને લેવામાં આવશે નહિ.
ઓનલાઈન અરજી માટેની લિન્ક: https://forms.gle/rok1rMYyV572TB829

૨. તા.૩૦.૦૪.૨૦૨૬ (રાત્રિના ૧૧.૫૯ વાગ્યા) સુધી કરવામાં આવેલ ઓનલાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. ત્યાર બાદ કરેલ અરજી સ્વીકારવામાં આવશે નહિ.

૩. અરજદારે ઓનલાઈન ફ્રોર્મ ભરતી વખતે સંપૂર્ણ અને સાચી વિગતો દર્શાવવાની રહેશે અને તે સંદર્ભના જરૂરી દસ્તાવેજી પુરાવા ઓનલાઈન અપલોડ કરવાના રહેશે અને પસંદગી પ્રક્રિયા પૂર્ણ થયેથી પસંદ થયેલ ઉમેદવારે તમામ દસ્તાવેજી પુરાવા ની અસલ રજૂ કરવાની રહેશે. જો કોઈ પણ તબક્કે અરજદાર દ્વારા પૂરી પાડવામાં આવેલ માહિતી અધૂરી કે ખોટી જણાશે તો અરજદારની અરજી રદબાતલ થવાને પાત્ર રહેશે અને જો ઉમેદવાર પસંદગી પામેલ હશે તો તેમની પસંદગી પણ રદ થવાને પાત્ર રહેશે.

૪. યોગ્ય ઉમેદવારની પસંદગી મૌખિક ઇન્ટરવ્યુ/રૂબરૂ મુલાકાતને આધારે કરવામાં આવશે અને તે સંદર્ભે સમય તથા સ્થળની માહિતી જે તે અરજદારને તેમના અરજીમાં દર્શાવેલ ઈ-મેઈલ/મોબાઈલ નંબર પર કરવામાં આવશે. સદર ઇન્ટરવ્યુ માટે અરજદારે જે-તે સ્થળે સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે. ઉમેદવારની પસંદગી અંગેનો આખરી નિર્ણય ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળનો રહેશે.

૫. ઉમેદવારને વકીલાત અથવા મધ્યસ્થીકરણ અથવા કન્સીલીયેટર/કન્સલ્ટન્ટ અંગેનો ન્યુનતમ ૦૫ વર્ષનો અનુભવ હોવો અપેક્ષિત છે.

૭. પેઈડ કન્સલટન્ટ તથા અનપેઈડ કન્સલટન્ટે બજાવવાની સેવા [જેવા કે સ્થળ, સમય વિગેરે] અંગેના તમામ નિર્ણયોની તમામ સત્તા ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળ ધ્વારા વખતોવખત નકકી કરવામાં આવતા નિયમો, શરતો અને આદેશને આધીન રહેશે જે તમામ પેઈડ કન્સલટન્ટ તથા અનપેઈડ કન્સલટન્ટને બંધનકર્તા રહેશે.

૮. હાલમાં કાર્યરત છે તેવા પેઈડ કન્સલટન્ટ તથા અનપેઈડ કન્સલટન્ટ કે જેઓ સિટી સિવિલ કોર્ટ / શાહીબાગ ખાતે કામગીરી કરે છે તેઓ પણ અરજી કરી શકશે પરંતુ તેમની નિમણૂંક ઉપરોકત શરતોને આધીન રહેશે.

૯. પેઈડ કન્સલટન્ટ અને ઓનરરી(અનપેઈડ)કન્સલટન્ટની નિમણૂક પ્રાથમિક તબક્કે એક વર્ષ માટે / બે વર્ષ માટે અથવા તો રાજ્ય સરકાર દ્વારા વખતો વખત આપવામાં આવતી વહીવટી મંજૂરીને આધીન રહેશે. ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળ દ્વારા કોઈ પણ સમયે ઉપરોક્ત નિમણૂક રદ કરી શકાશે.

૧૦. જો કોઈ પણ તબક્કે કોઈ પણ પેઈડ કન્સલટન્ટ તથા અનપેઈડ કન્સલટન્ટની સેવાઓ સંતોષકારક નહિ જણાય તો તેવા પેઈડ કન્સલટન્ટ તથા અનપેઈડ ની સેવાઓ તાત્કાલિક અસરથી સમાપ્ત થવાને પાત્ર રહેશે અને સદર બાબતમાં ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળનો નિર્ણય આખરી રહેશે.

Sd/-

**તારીખ: ૧૭/૦૪/૨૦૨૬**

**સભ્ય સચિવ**
**ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ**